**Amod Police Station, Bharuch- CR No- 11199003260213/2026**

<u>સાદર રીપોર્ટ</u>–

આપ નામ.સાહેબશ્રીને જણાવવાનું કે, આમોદ પોલીસ સ્ટેશન ગુના. રજી. નં– ૧૧૧૯૯૦૦૩૨૬૦૨૧૩/૨૦૨૬ ના કામે સદર આરોપીની નામ. ગુજરાત હાઈકોર્ટનું રીટ રજીસ્ટર ચેક કરતા એક પણ રીટ આવેલ નથી. જે આપ સાહેબશ્રીને વિદીત થાય. પોકસો કેસ રજીસ્ટર અનુસાર હવે પછીનો પોકસો કેસ નંબર ૦૪/૨૦૨૬ મુજબનો છે.

તા.૦૭/૦૫/૨૦૨૬ (હેડ કલાર્ક)

ભરૂચ. ક્રિમીનલ બ્રાંચ

**POCSO CASE NO-04/2026**

**ORDER UNDER EXH. 1.**

**હુકમ**

આઈ.ઓ.શ્રી આર.બી.કરમટીયા હાજર છે. ચાર્જશીટ રજુ. ચાર્જશીટ ધ્યાને લીધુ. ચાર્જશીટ સ્પે. પોકસો કેસ નં– ૦૪/૨૦૨૬ થી રજીસ્ટરે લેવું. આરોપી બી.એન.એસ ની કલમ ૬૪(૨)(આઇ)(એમ), ૮૭, ૧૩૭(૨) તથા પોકસો એકટ કલમ ૩(એ) ના ભંગ બદલ ૪(૧), કલમ ૫(એલ) ના ભંગ બદલ ૬(૧), કલમ ૭ ના ભંગ બદલ ૮ તથા કલમ ૧૧(૪) ના ભંગ બદલ ૧૨ મુજબ નો સમન્સ કરવો. આરોપી જેલમાં હોય જેથી મુદત તા.૧૩/૦૫/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટમાં હાજર રાખવા સંબંધિત જેલને યાદી કરવી. આ કામે મુદામાલ દિવસ–૦૭ માં રજુ કરવો.

ઉપરોકત ચાર્જશીટ ધ્યાને લીધું, નામદાર ગુજરાત હાઇકોર્ટના સર્ક્યુલર નં.૧૨૫૫/૨૦૨૬, તા. ૨૯/૦૪/૨૦૨૬ ધ્યાને લીધાં, તપાસ કરનાર અધિકારીએ ભોગબનનારનું સરનામું અને જો ફોન નંબર, મોબાઇલ નંબર અને ઈ–મેઇલ એડ્રેસ ભોગબનનારના હોય તો તુરત જ તા. તા.૧૩/૦૫/૨૦૨૬ કે તે પહેલા અત્રેની કોર્ટમાં રજૂ રાખવા. ભોગબનનારની ઓળખ તેના મારફત ન થાય જેથી ઉપરોક્ત માહિતી તપાસ કરનાર અમલદારએ બંધ કવરમાં રજૂ કરવી.

ઉપરોક્ત હકીકતે વધુ જોતાં ભોગબનનારના માતા–પિતા અથવા ભોગબનનારના વાલી અથવા ભોગબનનારને જેના ઉપર વિશ્વાસ અને ભરોસો હોય તેના સરનામાં તેમજ જો મોબાઇલ નંબર અને ઈ–મેઇલ

એડ્રેસ હોય તો તે પુરાવા નોંધતાં સમયે રજૂ થાય તે જરૂરી છે. પરંતુ તપાસ કરનાર અમલદાર પાસે તેના રેકર્ડમાં ઉપરોક્ત વિગત હોય તો તપાસ કરનાર અમલદારે તે તા. ૧૩/૦૫/૨૦૨૬ કે તે પહેલા રજૂ કરવી. ભોગબનનારની ઓળખ તેના મારફત ન થાય જેથી ઉપરોક્ત માહિતી તપાસ કરનાર અમલદારએ બંધ કવરમાં રજૂ કરવી.

વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટ ક્રિમી.મીસી.એપ્લીકેશન (રેગ્યુલર બેઈલ) નં. ૧/૨૦૨૩, ક્રિમી અપીલ નં. ૧૦/૨૦૨૧ નો તા. ૧ ૦/૦૮/૨૦૨૩ નો તથા ક્રિમી. મીસી. એપ્લીકેશન (ફોર સસ્પેશન ઓફ સ `ન્ટન્સ) નં. ૨/૨૦૨૩ ઈન ક્રિમી.અપીલ નં. ૪૯૮/૨૦૨૦ નો તા. ૧ ૦/૦૮/૨૦૨૩ નો હુકમ ધ્યાને લીધો અને નામ. ગુજરાત હાઈકોર્ટનો પત્ર નં .એ.૨૬૦૭/૨૦૨૩, તા. ૧૧/૦૯/૨૦૨૩ ધ્યાને લીધો. ઉપરોકત નામ ગુજરાત હાઈકોર્ટના હુકમમાં જણાવેલ છે કે,

I. The name of the victim and other details regarding her identity like the name of the parents, address of the victim mentioned in the deposition and any other record of the trial arising out of a criminal case under the Prevention of Children from Sexual Offences Act, 2012 Act and the offences covered under Section 228A of the Indian Penal Code and all other incidental proceedings, the name of the victim and other details about her identity be be redacted as and when it comes to the notice of the trial court. This procedure is required to be adopted forthwith.

II. The Original copy of the deposition / record revealing the identity of the victim to be placed in a sealed cover and an identical copy with the name redacted of this record be place in the record of the Court. The record which is to be kept in the sealed cover will continue to be in sealed cover along with the record of the trial Court.

III That the mandate of section 33(&) of the POCSO Act and the direction of the Apex Court in the case of Nipun Saxena

(Supra) to be scrupulously followed by the trial court તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ નો પત્ર નં. A.2607/2024, dated 24/12/2024 ના પત્રથી ક્રીમીનલ મીસીલીનચસ એપ્લીકેશન (for suspension of sentence) in Cr. Misc. Appl. No. 2290/24 Brijransinh Laxmansinh Jadeja V/s.State of Gujarat નો ચુકાદો અને તે સરકયુલેટ થયેલ છે. તે ચુકાદાનો સીધ્ધાંત ધ્યાને લીધો.

ઉપરોકત રીતે નામ. ગુજરાત હાઈકોર્ટનો હુકમ હોઈ અને ઉપરોકત કામ જોવામાં આવે અને નામ. હાઈકોર્ટના ઉપરોકત ચૂકાદાનું જે ડાયરેકશન છે તેનું પાલન થાય તે ખૂબ જરૂરી છે. જેથી વિકટીમનું નામ તેમજ માતા–પિતાનું નામ, સરનામાની જે વિગત છે તે કે અન્ય જે વિગત છે તેનાથી ભોગબનનારની ઓળખાણ છતી થઈ જાય તેવી તમામ વિગતો રીડેકટેડ થાય અને તે અસલ રેકર્ડની આઈડેન્ડીકલ કોપી રેકર્ડમાં રહે અને ઉપરોકત જણાવેલ વિગત જેમાં હોય તે તમામ રેકર્ડ સીલ કરી કવરમાં રહે તે ન્યાયી છે, જેથી ઉપરોકત કામના તમામ રેકર્ડમાં જે પોલીસનું રેકર્ડ છે તેમાં જે જગ્યાએ વિકટીમનું નામ, તેના માતા–પિતાનું નામ, કુટુબીનું નામ, સરનામું, ફોટો કે જેનાથી વિકટીમની આઈડેન્ટીટી જાહેર થઈ જાય તેવી હકીકતો આવતી હોય તેવું તમામ રેકર્ડ સીલ કરેલ કવરમાં મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત સીલબંધ કવરમાં જે ડોક્યુમેન્ટો મુકવાના છે તેમા પોલીસના ડોકયુમેન્ટો જે હોય તેમાં ઉપરોકત વિગત જે આવતી હોય તે તમામ ડોકયુમેન્ટોની આઈડેન્ટીકલ નકલ કે જેમાંથી ઉપરોકત વિગત રીકેકટેડ કરીને તપાસ કરનાર અધિકારી / પોલીસ ઈન્સ્પેકટરશ્રીએ તુરત જ અત્રેની કોર્ટમાં રજુ કરવી અને તે માટે વિ. એ.પી.પી.શ્રીએ પણ તપાસ કરનાર અધિકારીશ્રી/ પોલીસ ઈન્સ્પેકટરશ્રી સંબધીત પોલીસ સ્ટેશનને જાણ કરવી.

તા : ૦૭/૦૫/૨૦૨૬.

સ્પેશીયલ જજ (પોકસો) અને
ત્રીજા એડી.સેસન્સ જજ, ભરૂચ
(U.I.CODE-GJ00659)